પીજીવીસીએલ/સીજીઆરએફ/૩૯/ક્વા-૦૪/૨૦૧૯-૨૦/૨૧ તા.૦૫/૦૯/૨૦

૨૦૦૩ના ભારતીય વીજળી અધિનિયમની કલમ નં. ૪૨(૫) તેમજ ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ (ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ અને લોકપાલ) અગાઉના નોટીફીકેશન નં. ૦૨/૨૦૧૧ હેઠળ રચાયેલ તેમજ પ્રવર્તમાન નોટીફીકેશન નં. ૦૨/૨૦૧૯ મુજબના ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ (CGRF) પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમિટેડ રાજકોટના ચેરમેન સમક્ષ નોંધાયેલ ફરીયાદ.

**No. PG – ૩૯/ક્વા-૪/૧૯-૨૦**

અરજદાર: શ્રી આશીફ મોહસીન સંધાર ગામ: પોરબંદર

સબડીવીઝન: કિર્તિ મંદિર પોરબંદર

**:: વિરુધ્ધ ::**

સામાવાળા: કાર્યક્ષેત્ર: કાર્યપાલક ઈજનેર પીજીવીસીએલ વિભાગીય કચેરી પોરબંદર શહેર,

**:: કોરમ ::**

| | | |
|---|---|---|
| ૧) ચેરપર્સન | : | શ્રી બી.પી.બુચ |
| ૨) મેમ્બર સ્વતંત્ર | : | શ્રીમતી નીતીનાબેન એચ. જોશી |
| ૩) મેમ્બર ટેકનીકલ | : | શ્રી કે.વી.ભટ્ટ |

તારીખ: મંગળવાર (૧૮.૦૮.૨૦૨૦)

**:: અરજદારની રજૂઆત ::**

૧.૦ અરજદારશ્રી રજુઆતમાં જણાવે છે કે,અમોએ LED લેમ્પ તા.૧૯/૦૫/૨૦૧૭ ના રોજ રોકડે થી લીધેલ હોય અને ત્યારબાદ લેમ્પના રૂપિયા અમારા બીલમાં ત્રણ વખત રૂ/-૧૪૦- ચડીને આવેલ છે.અને એક વાર ૭૬/- રૂ. ચડી ને આવેલ ત્યારબાદ અરજદારશ્રી એ પીજીવીસીએલ પોરબંદર કચેરી માં ફરિયાદ કરેલી અને ત્યાથી કોઈ સંતોષકારક જવાબ આપતા નથી.અને અમારા હાથ માં કઈ નથી તમે ઉપર રજૂઆત કરો અને કેટલા ધક્કા ખવડાવ્યા અને પછી બે વખત બીલ માં ચડી ને આવેલ નહીં ત્યારબાદ ફરિ આ વખતે જાન્યુઆરી-૨૦૨૦ ના બીલ માં ૭૦/- રૂ. ચડી ને આવેલ છે.આ બાબત ની ફરિયાદ કોઈ સાંભળતું નથી.અમો દ્વારા કુલ ૫૬૬/- રૂ. વધારા ના ભરી આપેલા છે જે અમોને જમા આપતા નથી જેથી અરજદારશ્રીએ અત્રેના ફોરમ સમક્ષ ન્યાયિક રજુઆત કરેલ છે.

## :: પી.જી.વી.સી.એલ.ની રજૂઆત ::

૨.૦ અરજદારશ્રી ની લેખીત રજૂઆત મુજબ શ્રી આશીફ મોહ્સીન સંધાર ગામ પોરબંદર ગ્રાહક નં.૩૫૧૧૧/૦૨૪૮૭/૫ થી વીજ જોડાણ ધરાવે છે.

૨.૧ માહે જુલાઇ-ઓગસ્ટ ૧૮ બિલ્ડ ઇન સ્પ્ટેબર ૧૮ ના વીજ બિલમાં ઉજાલાની બાજુમાં રૂ.૧૪૦/- લગાડવામાં આવેલ છે.જે વીજ બીલમાં ગણતરી માં લઈ કુલ ભરવા પાત્ર વીજ બીલ(આગળ ના હિસાબ સાથે)રૂ.૪૪૭૪.૪૨/- બનવા પામેલ છે.આમ આ વીજ બીલ માં ૧૪૦/- રૂ ગણતરીમાં લેવામાં આવેલ છે.ત્યારબાદ અરજદાર શ્રી દ્વારા તા.૩૦/૦૮/૧૮ ના રોજ કચેરીએ અરજી આપતા અત્રે ની કચેરી દ્વારા નિયમ મુજબ "એલ.ટી.બિલિંગ લાઈવ" સૉફ્ટવેરમાં ક્લેઇમ લોન્ચ કરવામાં આવેલ અને સાથોસાથ વિભાગીય કચેરીને ફરિયાદ બાબતે પત્ર નં. કે.એમ.એસ.ડી/રેવ/૧૦૧૧ તા.૧૬.૧૧.૧૮ થી આગળ ની કાર્યવાહી કરવા અર્થે જાણ કરવામાં આવેલ છે. આમ ઉપર મુજબ ની પ્રોસેસ થતાં ટે પછીના બીલમાં ઉજાલા ખાતેના રૂપિયા ગણતરીમાં લીધેલ નથી.પરંતુ વીજબીલમાં ગ્રાહક ની કોપી માં રૂપિયા છપાયેલ આવેલ છે.એમ કુલ ચાર બીલ માં માત્ર અરજદારશ્રી ની કોપી માં ઉજાલા ખાતે રકમ બાકી જોવા મળેલ છે.પરંતુ ગણતરી માં લેવાયેલ નથી.

૨.૨ અરજદારશ્રી આશીફ મોહ્સીન સંધાર ની સદર ફરિયાદ ના અનુસંધાને તા.૧૬/૦૩/૨૦ ના રોજ ગ્રાહક ના પ્રતિનિધિ શ્રી ઇમરાન આઈ.હિંગોરા ને વિભાગીય કચેરી ખાતે રૂબરૂ મુલાકાત કરી તેઓશ્રી ની ફરિયાદ બાબત તમામ વિગતો વ્યવસ્થિત સમજાવેલ છે.

૨.૩ પીજીવીસીએલ પક્ષકાર ની રજૂઆત મુજબ અરજદારશ્રીની ફરીયાદ મુજબ તેમની દરેક બીલની ફરિયાદ સામે PRT-૧૪૫ (લેજર) નું મેળવણું કરી સંતોષકારક પ્રત્યુતર આપતા સમતીપૂર્વક અરજદારશ્રીની ફરીયાદનું સંતોષકારક નિવારણ થતા અરજદારશ્રી એ તા.૧૬.૦૩.૨૦૨૦ ના રોજ સમાધાન પત્રમાં સહી કરી આપેલ છે.

## :: હુકમ ::

૩.૦ અરજદારશ્રીની રજૂઆત અન્વયે પેરા નં ૧.૦ અન્વયે પેરા નં. ૨.૨ મુજબ પીજીવીસીએલ કક્ષાએથી ફરિયાદનું નિરાકરણ થતા પીજીવીસીએલ દ્વારા અરજદારની સહીવાળું સમાધાનપત્ર તા.૧૬.૦૩.૨૦૨૦ થી રજુ કરેલ છે.તે મુજબ સદર બાબતે અરજદારને કોઈ રજૂઆત કરવાની રહેતી નથી.

૩.૧ આમ ફોરમ કમિટી કક્ષાએથી કઈ કરવાનું રહેતું ન હોય અરજદારની સદર ફરિયાદ દફતરે કરવામાં આવે છે.

૩.૨ આ સાથે અરજદારની અરજી ફેસલ કરવામાં આવે છે.

| | | |
|---|---|---|
| શ્રીમતી નીતીનાબેન એચ. જોશી | શ્રી કે.વી.ભટ્ટ | શ્રી બી.પી.બુચ |
| સ્વતંત્ર સભ્ય | મેમ્બર (ટેકનીકલ) | ચેરપર્સન |